ગાંધીનગર સમાચાર

**બે દીકરી ધરાવતા દંપતિઓનું સન્માન**



## @ગાંધીનગર

●ગાંધીનગરમાં આજે સવારે ૮ વાગે ઘ-૦ સર્કલથી સત્યાગ્રહ છાવણી સુધી પાટીદાર અનામત રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

● સે-૧૫ ખાતે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના ઓડિટોરીયમમાં મહિલા સુરક્ષા દિન નિમિત્તે વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વરક્ષણ કૌશલ્યનું નિદર્શન સવારે ૯ કલાકે યોજાશે.

● આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે સવારે ૧૧.૩૦ કલાકે ટાઉનહોલ ખાતે અનુસૂચિત જાતિની મહિલા લાભાર્થીઓને ચેક વિતરણનો સમારોહ યોજાશે.

- **દિલીપ પ્રજાપતિ**
9725647197

# ગાંધીનગર મનપા દ્વારા દિકરી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨

રાજયમાં ૧ ઓગષ્ટથી ૧૫ ઓગષ્ટ ૨૦૧૫ સુધી મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણી થઈ રહી છે ત્યારે આ સાથે તા. ૨ ઓગષ્ટ રવિવારના રોજ 'બેટી બચાવો, બેટી પઢાવો' કાર્યક્રમની પણ ઉજવણી કરવામાં આવી હતી. જેને અનુલક્ષી આજે ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ૬૦થી વધુ કુટુંબોનું પેનડ્રાઈવઆપી સન્માન કરાયું હતું. જયારે બનાસકાંઠાના પુરગ્રસ્ત વિસ્તારોમાં અસરગ્રસ્તની મદદ માટે આજ રોજ મહાનગરપાલિકા દ્વારા કોરો નાસ્તો તથા ફુડપકેટસના ત્રણ ટ્રકને લીલી ઝંડી આપી મદદ હેતુ મોકલી અપાયા હતા.

**બનાસકાંઠાના પુરપીડિત પરિવારજનોની મદદ હેતુ ફુડપેકેટ ભરેલી ત્રણ ટ્રકને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવાયું**

ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન ખાતે આજે 'બેટી બચાવો, બેટી પઢાવો' કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ સાથે રાજયના બનાસકાંઠા વિસ્તારમાં પુરપીડિતો ની મદદ હેતુ કોરાના નાસ્તાના ૧ હજાર ફુડ પેકેટ તથા કરિયાણાની ચીજો સાથે ૧ હજાર ફુડ પેકેટ મોકલી અપાયા હતા. આ પ્રસંગે મેયરશ્રી હંસાબેન મોદી, ડેપ્યુટી મેયરશ્રી કાર્તિકભાઈ પટેલ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી રાકેશભાઈ પટેલ, પક્ષના નેતાશ્રી ગોવિંદભાઈ પરમાર, પૂર્વ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, કોર્પોરેટરશ્રીઓ, મ્યુનિ. કમિશનરશ્રી જી.આર.ચૌધરી તેમજ અન્ય હોદ્દેદારોશ્રી તથા અધિકારીશ્રીઓએ ઉપસ્થિત રહી રાહત સામગ્રી ધરાવતી ટ્રકને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

દરમિયાન આજ રોજ યોજાયેલા 'બેટી બચાવો, બેટી પઢાવો'ના કાર્યક્રમ અંતર્ગત એક કે બે દિકરી પછી ફેમીલી પ્લાનીંગનું ઓપરેશન કરાવનાર દંપતિઓનું તથા તેની દિકરીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં મેયરશ્રી તથા અન્ય હોદ્દેદારો તેમજ અધિકારીશ્રીઓ અને કોર્પોરેટરશ્રીઓના હસ્તે ૬૦થી વધુ કુટુંબોને પેન ડ્રાઈવ આપવામાં આવી હતી.



ગાંધીનગરમાં ગત મંગળવારે ચક્રવાતી પવન સાથેના તોફાની વરસાદે સર્જેલી તારાજીના ઉઝરડાં હજુ પણ જોવા મળી રહ્યાં છે. નગરમાં અસંખ્ય વૃક્ષો તુટી પડયા હતા તેમાંના એકની ડાળ તો હજુ પણ ઈલેકટ્રીકની લાઈન પર લટકી નગરજનોને કુદરતી મિજાજની યાદ દેવડાવી રહી છે.

## વાતવાતમાં

### વાતવાતમાં...

●આજે મહિનાનો પહેલો રવિવાર હોવાથી ઘ-૪ સર્કલે સવારે માતૃભાષા અભિયાન અંતર્ગત પુસ્તક પરબ યોજવામાં આવી હતી. અંદાજે ૧૫૦ નગરજનોએ પુસ્તક પરબની મુલાકાત લીધી અને આશરે ૪૦૦ પુસ્તકોનું આદાન પ્રદાન થવા પામ્યું હતું.

● આજે ગાંધીનગર શહેરના ૫૧મા જન્મ દિને અનેક નગરજનોએ સોશિયલ મિડીયા દ્વારા એકબીજાને શુભેચ્છા પાઠવી નગરના ફોટા પણ શે'ર કર્યા હતા.

● ગાંધીનગરની દિકરી મંજીતા વણઝારા અમેરિકા ખાતે ૨૨મી ઓગષ્ટે યોજાનાર ગ્લોરિયસ ગુજરાત કાર્યક્રમમાં ભાગ લેવા જઈ રહી છે.

● આજ સાંજના ૪.૩૦ વાગ્યાના સુમારે એક પુરપાટ વેગે દોડતી રિક્ષા ખ-૩ સર્કલે પલ્ટી ખાઈ ગઈ હતી. રિક્ષા ડ્રાઈવરન માથાના ભાગે ઈજાઓ થતા તાત્કાલિક સિવીલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો જયારે રીક્ષામાં બેઠેલા ૨ મુસાફરોને સામાન્ય ઈજા થવા પામી હતી.

● ઓગષ્ટ મહિનામાં રજાઓ મોટા પ્રમાણમાં આવતી હોવાથી નગરજનોએ અત્યારથી તેનું પ્લાનીંગ ચાલુ કરી દીધું છે.

● સચિવાલયથી આશરે ૧૦૦ મીટરના અંતરે જિલ્લા પંચાયત ભવન બહાર આવેલા એક પાનના ગલ્લાના ગઈ કાલે તાળાં તુટયા હતા. ગલ્લાના માલિક જે થેલો રોજ માલ લાવવા ઉપયોગ કરતા હતા તે થેલામાં જ તમામ માલસામાન ચોરી થઈ ગયો. ગલ્લાના રોજીંદા ગ્રાહકોમાં ચર્ચા ચાલે છે કે ગલ્લો તોડવામાં ચોર હતા કે કોઈ રીઢા વ્યસનીઓ?

- **સમીર રામી**
**9924446645**

# બે દીકરી ધરાવતા દંપતિઓનું સન્માન

## જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા દિકરી દિવસની ઉજવણી કરાઈ





ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આજરોજ મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી નિમિત્તે દીકરી દિવસની ઉજવણી જી.એમ.આઈ.એસ. મેડીકલ કોલેજ, ઓડીટોરીયમ હોલ, સિવિલ હોસ્ટલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે કસ્તૂરબા પોષણ સહાય યોજના અંતર્ગત ૨૦ લાભાર્થીઓને રૂપિયા ૪૦ હજારના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. તેમજ એક કે બે દીકરી ધરાવતા ૧૨ દંપત્તિઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યુંહતું. ઉપસ્થિત સર્વેને બેટી વધાવો શપથ લેવડાવવામાં આવ્યા હતા.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિકભાઈ ભીમજીયાણીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, સમાજમાં દીકરા-દીકરી વચ્ચે ભેદભાવની માનસિકતા દૂર થાય અને સ્ત્રીભૃણ હત્યાના કાયદાઓ સરકારને કરવા પડે તેવી શરમજનક સ્થિતિનું નિર્માણ દૂર કરવા માટે હૃદય સ્પર્શ માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ અને જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ અને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી હંસાબેન મોદીએ દીકરી બચાવો અભિયાન અને સમાજમાં દીકરીઓનું મહત્વ શું છે, તેની રસપ્રદ વાત પોતાની આગવી શૈલીમાં રજુ કરી હતી.

તે ઉપરાંત સીનીયર મહિલા વકીલ શ્રીમતી રેખાબેન પટેલે પી.સી.પી.એન.ડી.ટી.ની જોગવાઈઓ અને ભંગ બદલ સજાની વિસ્તૃત જાણકારી આપી હતી. એન.જી.ઓ.ના પ્રતિનિધિ શ્રીમતી લત્તાબેન ચોકસીએ બેટી વધાવો વિષય પર સમાજની જવાબદારી, જાણીતા ગાયનેકોલોજીસ્ટ શ્રી ડૉ. મીરા બુટાનીએ સમાજમાં પી.સી.પી.એન.ડી.ટી. એક્ટ અંતર્ગત ડૉક્ટરશ્રીઓનો ફાળો, મેડીકલ સુપ્રિટેન્ડન્ટ શ્રી ડૉ. બિપીન નાયકે ગર્ભપાત/એમ.ટી.પી. બાબતની અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ બેટી વધાવો અંગે સરકારશ્રી દ્વારા કરવામાં આવતી કામગીરી, બ્રહ્માકુમારી શ્રી કૈલાસદીદીએ સમાજમાં નૈતિકતાના ધોરણે બેટી વધાવોના સિદ્ધાંતો, આર.સી.એચ.ઓ શ્રી ડૉ. આર.વી. પંડ્યાએ વિવિધ સ્વાસ્થ્ય અને પોષણ સંબંધી ચિરંજીવી યોજના, જનની સુરક્ષા યોજના, જે.એસ.એસ.કે. પરિવાર નિયોજન, દીકરી યોજના, મા અમૃતમ જેવી અનેક યોજનાની વિસ્તૃત માહિતી આપી હતી.

આ પ્રસંગે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર શ્રી જી.આર. ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જયશ્રીબેન દેવાંગણ સહિત અનેક મહાનુભાવો અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# ન્યુજર્સી ખાતે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા ગુરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૨

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજની નિશ્રામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, સિર્કાકસ ખાતે ગુરૂપૂર્ણિમાં મહોત્સવ ભારે ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્ય પ્રવર શ્રી મુક્તજીવન સ્વામીબાપાને પાલખીમાં બિરાજમાન કરી વાજતે ગાજતે ઉત્સવ સહિત મંદિરના હોલમાં બિરાજમાન કરી જ્યાં ચંદનના વાઘા ધારણ કરાવી, ષોડશોપચોર પૂજન અર્ચન આરતી કરવામાં આવી હતી.

ગુરૂપૂર્ણિમા મહોત્સવમાં ઘણી મોટી સંખ્યામાં હરિભક્તોનો સમુહ ઉપસ્થિત રહ્યો હતો.

# બનાસકાંઠાના અસરગ્રસ્તો માટે ઉદાર હાથે દાન આપવા અપીલ કરાઈ

**સહયોગ મંડળ ગાંધીનગર આકાશી આફતથી અટવાયેલા નાગરિકોની વ્હારે : ખાદ્ય સામગ્રી સહિત ચીજવસ્તુઓ પહોંચાડશે**

ગાંધીનગર, તા. ૧

બનાસકાંઠા જિલ્લામાં આભ ફાટવાથી સ્થળ ત્યાં જળની સ્થિતિ સર્જાવા પામી હતી. આકાશી આફતના કારણે બનાસકાંઠા જિલ્લો સંપૂર્ણ રીતે તહસનહસ થઈ ગયો છે. ત્યારે જિલ્લાના રહિશોનું તો પુછવું જ શું ? નાગરિકો સરકાર સામે સહાયની મીટ માંડીને બેઠા છે. ગાંધીનગર સ્થિત સહયોગ મંડળ દ્વારા બનાસકાંઠાના દર્દીલા રહિશોની વ્હારે આવવા માટે દાતાઓને અપીલ કરી છે. મંડળના પ્રમુખે જણાવ્યું છે કે જિલ્લાના રહીશોને ખાવા માટે ધાન પણ નથી મળતુ અને પીવા માટે પાણી પણ. ત્યારે દાતાઓને ઉદાર હાથે ફૂલ નહિ તો ફૂલની પાંખડી સમાન દાન આપવા માટે અનુરોધ કર્યો છે. મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલ - ૯૮૭૯૮ ૬૨૮૯૩ અને દશરથભાઈ પરમાર - ૯૫૭૪૧ ૨૨૦૨૩ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ ખાતે સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન મળી શકશે.

# સેક્ટર-૪બીમાં કચરો નિયમિત એકત્ર કરાતો નથી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં નિયમિતપણે કચરો એકત્રિત કરવા માટે ગ્રાન્ટની ફાળવણી કરીને કૉન્ટ્રાકટ અપાયેલા છે, છતાં કેટલાંક સ્થળોએ કચરાની બૂમો સંભળાઈ રહી છે. શહેરી વિસ્તારમાં દરેક સેક્ટરમાં કચરો ઉઘરાવવામાં આવે છે, પરંતુ સેક્ટર-૪બીના વસાહતીઓની ઘણા લાંબા સમયથી ફરિયાદ છે કે તેમના સેક્ટરનાં સ્થળો પરથી કચરો લેવા આવનારી ગાડી બહુ જ અનિયમિત છે.

ખાસ કરીને સેક્ટર-૪બીમાં છેવાડાના ખ-રોડ ઉપર નિયમિત રીતે કચરાનું કલેક્શન કરવા ગાડી આવતી નથી. આ ગાડી સેક્ટર-૪બીના મુખ્યમાર્ગ પર નિયમિત આવે છે, પણ છેવાડાના કૉમન પ્લોટ તથા દરેક ગલીના છેડા સુધી આવતી નથી. વળી, ખ-દોઢથી ખ-એકને સમાંતર છેવાડના દરેક ઘર સુધી દરરોજ કચરો કલેક્ટ કરાતો ન હોવાથી નગરજનો હાલાકી ભોગવી રહ્યા છે અને ગંદકીના કારણે રોગચાળાનો ભય પેદા થયો છે. હાલમાં ભારે વરસાદ વખતે સ્થિતિ બગડી ગઈ હતી અને જાહેરમાં ગંદકીએ માઝા મૂકી હતી. ચોમાસામાં તો એકાંતરે દિવસે આ ગાડી આવતી હોવાથી, ભારે અનિયમિત હોવાથી રોગચાળો ફેલાવાનો ભય રહે છે.

મહાનગરપાલિકાએ સફાઈવેરામાં ત્રણ ગણો વધારો કર્યો હોવા છતાં કચરો નિયમિતપણે ઉઠાવાતો નથી, આથી નગરજનોમાં રોષની લાગણી જન્મી છે. સત્તાવાળાઓ આ અંગે યોગ્ય પગલાં ઝડપથી લે તેવી માગણી ઊઠી છે.

# મુક્તિધામમાં વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગર, તા. ૨

શહેરના સે. ૩૦ સ્થિત મુક્તિધામ ખાતે વેસ્ટર્ન એગ્રીસીડ્ઝના એમ.ડી. એન.પી. પટેલના સહયોગથી વિવિધ ૨૭૩ નંગ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. ઉપરાંત ગોદડીયા પરંપરાના સંત પ્રાગદાસબાપાની મૂર્તિએ જુ.સી.કા. દ્વારા પૂજા-અર્ચના વિવિધ કરી પ્રસાદરૂપે ભોજન પિરસવામાં આવ્યું હતું. જ્યારે રાત્રીના સમયે પ્રાર્થનાહોલ ખાતે પાબુભા ગઢવીના કંઠે ગુરૂ ભજનનો કાર્યક્રમ યોજાયો હતો.

# નાંદોલ આદર્શ નિવાસી શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા ગ્રામ્ય વિભાગની શાળાકીય સ્પર્ધા ચિલોડા સ્થિત સ્કૂલ ઓફ એચીવરમાં યોજાઈ હતી.

આ જિલ્લા ગ્રામ્ય વિભાગની શાળાકીય ભાઈઓ અન્ડર-૧૭ની જુડો સ્પર્ધા નાંદોલની આદર્શ નિવાસી શાળાના ૩ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. જુડો સ્પર્ધામાં ૪૦ કિ.ગ્રા. વર્ગમાં સાંબડ ગભરૂ, ૫૫ કિ.ગ્રા. વર્ગમાં ધર્મેશ વસાણી અને ૬૦ કિ.ગ્રા. વર્ગમાં જીવણ ગમરાએ પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો. ત્રણેય વિજેતા થનાર ખેલાડીઓ આગામી સમયમાં યોજાનાર રાજ્યકક્ષાની સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ ગાંધીનગર જિલ્લા નાયબ નિયામક ઠાકોર, શાળાના આચાર્ય બી.એસ. બારૈયા, વી.કે. ચૌધરી, સોનલ વાઘેલાએ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

# આજે સેન્ટ્રલ વિસ્ટા ફરતે મહિલા સશક્તિકરણ પરેડ યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગતિશિલ ગુજરાત અંતર્ગત રાજ્યભરમાં વિવિધ સ્થળોએ મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી થઈ રહી છે.

આ કાર્યક્રમ હેઠળ ગાંધીનગર પોલીસ દ્વારા સુરક્ષા સેતુના નેજા હેઠળ આજે મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરાશે. જેમાં સ્વરક્ષણની તાલીમ લીધેલ વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વરક્ષણ કૌશલ્યનું નિદર્શન સવારે ૯ કલાકે સેક્ટર-૧૫ સાંઈ સ્પોર્ટસ સંકુલ ખાતે કરાશે. ઉપરાંત જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓનો પોલીસ સ્ટેશનની મુલાકાત માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે અને તેઓને પોલીસ સ્ટેશનની કામગીરીથી માહિતગાર કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં સાંજે ૪ કલાકે ૬ મહિલા પ્લાટુન દ્વારા મહિલા સશક્તિકરણ રેલી પરેડ યોજાશે. પરેડ મહાત્મા મંદિરથી નીકળી ઘ-૪ સેન્ટ્રલ વિસ્ટા ફરતે ચક્કર મારી પરત મહાત્મા મંદિર આવશે જેનું નેતૃત્વ મહિલા પી.આઈ. મીની જોસેફ કરશે. આ પરેડને ગાંધીનગર મેયર તથા જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા ફ્લેગ ઓફ કરી રવાના કરવામાં આવશે.



**ગયા અઠવાડિયે મીની વાવાઝોડા સાથે ત્રાટકેલા તોફાની વરસાદે ગાંધીનગરના વૃક્ષોનો સોથ વાળી દીધો છે. ચરેડી પાસે મજબુત ગણાતા નીલગીરીના ઘણા વૃક્ષો ભારે પવનના કારણે પડી ગયા છે.**

**(તસવીર : દિપક જાની)**

# લાયોનેસ ક્લબ દ્વારા ફ્રેન્ડશીપ ડેની ઉજવણી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરની લાયોનેસ ક્લબ અને સોશિયલ એક્ટીવીટી ગૃપ દ્વારા જીએસએનપી સંચાલિત ચિલ્ડ્રન હોમમાં ભૂલકાં સાથે ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

ફ્રેન્ડશીપ ડેની ઉજવણીના પ્રારંભે આયોજકોએ બાળકોને મહાન ડૉ. અબ્દુલ કલામની શિક્ષણનું જીવનમાં મહત્ત્વ પર આધારિત અને ગાંધીનગરના વિવિધ સ્થળોની વિડીયો ફિલ્મ બતાવવામાં આવી હતી. ઉપરાંત બાળકોને વિવિધ ગેમ્સ અને રમતો યોજી એક બીજાને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધ્યા હતા. બાળકોને અંતે વિવિધ ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં વૈશાલી જોષી, ઉષાબેન ગજ્જર, દક્ષા જાદવ, આરતીબેન ભટ્ટ, વીજુબેન ગુપ્તે, જ્યોતિબેન પંચાલ વગેરે હાજર રહ્યા હતા.

# ગરીબ-અનાથ બાળકોના જીવનમાં શિક્ષણનો ઉજાસ પાથરતા ગાંધીનગરના રાજેશભાઈ પીઢડિયા


(સમીર રામી દ્વારા)

ગાંધીનગર, તા. ૨

આધુનિક યુગમાં શિક્ષણનું મહત્વ માનવીના જીવનમાં ખુબ જ અગત્યનું પરિબળ બની રહ્યું છે. દુનિયા જયાં કૂદકે અને ભુસકે અવનવી ટેકનોલોજીના સહારે ઝડપથી આગળ વધી રહી છે ત્યારે દેશમાં એવા લાખો બાળકો છે જેઓ અનાથ હોવાથી શિક્ષણથી વંચિત રહી જવા પામે છે અને તેમનું જીવન બાળ મજદૂરીના રસ્તે અંધારી ગર્તા તરફ જવા લાગે છે. ગાંધીનગરમાં શિવમ્ એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ એવી સંસ્થા છે જેણે સ્થાપનાના વર્ષ ૨૦૦૬થી અત્યાર સુધીમાં આશરે ૨૫૦૦ જેટલા અનાથ બાળકોને રહેવા જમવા સહિતની સુવિધા સાથે સારી કક્ષાનું શિક્ષણ પુરું પાડયું છે.

સંસ્થાના સ્થાપક રાજેશભાઈ પીઢડિયા અને રેખાબેન પીઢડિયા મૂળ અમરેલી જિલ્લાના વતની પરંતુ ગાંધીનગરમાં વર્ષોથી સ્થાયી થયેલા છે. પ્રારંભના વર્ષોમાં તેઓ તેમના ઘરે વિદ્યાર્થીઓને પેઈંગ ગેસ્ટ તરીકે રાખતા હતા તેમાંથી કેટલાક ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના વિદ્યાર્થીઓ સાથે થયેલી ચર્ચામાંથી તેમને અનાથ બાળકોને શિક્ષણ અપાવવાનો વિચાર સ્ફૂર્યો હતો. આ દરમિયાન ગુજરાત યુનિ.ના એક પ્રાધ્યાપક તેમના ઘરે 'પેઈંગ ગેસ્ટ'માં રહ્યા હતા તેમણે આ વિચારને વધુ મજબુત બનાવ્યો અને રાજુભાઈએ જરૂરિયાતમંદ બાળકોને સારું શિક્ષણ મળે તે માટે તેમના પાટીદાર સમાજના અગ્રણીઓ સમક્ષ વિચાર પ્રસ્તુત કર્યો. સમાજના અગ્રણીઓએ એકી અવાજે આ વિચારને વધાવી લેતા રાજુભાઈને આ દિશામાં આર્થિક પરિબળોની ચિંતા કર્યા વગર આગળ વધવા હિંમત આપી અને વર્ષ ૨૦૦૬માં શિવમ એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના થઈ.

પ્રારંભમાં શોધી શોધીને કુલ ૧૨ અનાથ બાળકોને રાજુભાઈએ પ્રથમ વર્ષે સારી શાળામાં એડમિશન અપાવી તેમનો તમામ ખર્ચ ઉઠાવ્યો હતો. હાલ આ વર્ષે સંસ્થાના કુલ ૧૪૦ અનાથ બાળકો જેમાં ૧૧૫ છોકરાઓ અને ૨૫ છોકરીઓને ગાંધીનગરના સે-૨૫ જીઆઈડીસીમાં ક્રિશ્ના સ્કુલ ઓફ સાયન્સમાં શિક્ષણ અપાવી રહ્યા છે. આ તમામ બાળકોને રહેવા માટે બોયઝ અને ગર્લ્સ એમ અલગ અલગ હોસ્ટેલની સુવિધા પણ તેમણે કરી છે. આ કાર્યમાં તેમને સંસ્થાના અન્ય ટ્રસ્ટીઓ પણ ભરપૂર સહયોગ આપી રહ્યા છે. આ અનાથ બાળકો માટેના કપડા લત્તા, રહેવાની, ભોજનની તેમજ શૈક્ષણિક સામગ્રીની તમામ જરુરિયાત દાતાઓના દાન દ્વારા પુરી કરવામાં આવે છે. રાજુભાઈ અને તેમની ટીમ બાળકોને શિક્ષણ ઉપરાંત રમતગમત જેવી કે ક્રિકેટ, ફુટબોલ, વોલીબોલ અને અન્ય માટે પણ પ્રોત્સાહન પુરું પાડે છે.



**શિવમ્ એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૦૦૬થી અત્યાર સુધીમાં ૨૫૦૦ જેટલા અનાથ ગરીબ બાળકોને ભણાવ્યા : હાલ ૧૪૦ અનાથ બાળકને રહેવા-જમવા-કપડાં-લત્તા સાથે સારી કક્ષાનું શિક્ષણ અપાવી રહ્યા છે**

શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ પાસેના ૧૪૦ અનાથ બાળકોમાં દરેક જ્ઞાતિ અને ધર્મના બાળકોનો સમાવેશ થાય છે અને તેમને કોઈ પણ જાતના ભેદભાવ વગર તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. છોકરાઓની હોસ્ટેલમાં દયાબેન અને છોકરીઓની હોસ્ટેલમાં ચેતનાબેન તેમની સારસંભાળ રાખે છે. તાજેતરમાં એક હોટલમાં કામ કરતા અમદાવાદના મહેન્દ્રસિંહ ડાભી નામના બાળકને ધો-૯માં પ્રવેશ અપાવ્યો છે. મહેન્દ્રના મા-બાપ ગુજરી ગયા છે અને તેના જીજાજી પાસે વિરમગામ રહીને ધો-૮ સુધી ભણ્યો છે જેમાં ૭૨ ટકા ગુણ સાથે પાસ થયો હતો પરંતુ આર્થિક મજબૂરીના કારણે તેણે ભણવાનું છોડી દીધું હતું. રાજુભાઈએ આવા અનેક બાળકોને નવજીવન બક્ષવાનું કામ કર્યું છે. રાજુભાઈના અથાગ પ્રયત્નોને કારણે તેમને સંસ્થા માટે અમદાવાદ-હિંમતનગર હાઈવે પર ગિયોડ ખાતે અંબાજી મંદિર પાસે જગ્યા મળી છે. જયાં તેઓએ અનાથ બાળાઓને મફત અને અન્ય બાળાઓને નજીવી ફીમાં શિક્ષણ આપવા માટે 'નન્હી મુસ્કાન' પ્રોજેકટ અંતર્ગત શ્રી સરદાર પટેલ વિદ્યાભવનનું નિર્માણ કરવાનું બીડું ઝડપ્યું છે.

# ગાંધીનગર ફાયરબ્રિગેડની એક ટીમ થરાદ પહોંચી

ગાંધીનગર, તા. ૨

બનાસકાંઠા જિલ્લામાં તાજેતરમાં થયેલા અતિભારે વરસાદના કારણે થરા, વાવ, ધાનેરા, સૂઈગામ, ભાંભર સહિતના અગરગ્રસ્ત વિસ્તારોમાં રોડ રસ્તાઓ તુટી જવા ઉપરાંત પાણી ભરાઈ જવા તથા ગંદકીને કારણે રોગચાળો ફેલાઈ જાય તેવી દહેશત ઉભી થઈ છે ત્યારે ગાંધીનગર પાયર બ્રિગેડનાં ૯ ફાયરમેન તથા ડ્રાઈવર સહિત ૧૦ની એક ટીમ થરાદ મોકલવામાં આવી છે. ભરાયેલા પાણીને ઉલેચવા તથા તેનો નિકાલ કરવા ઉપરાંત રસ્તાઓ પર તથા જાહેર જગ્યાઓ પર જામેલા ગંદકીના થરને પાણીના પ્રેશર વડે ચોખ્ખા કરવાની કામગીરી આ ટીમે શરૂ કરી હોવાનું ફાયર ઓફિસર મહેશ મોડે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. રશ્મીબેન હરેન્દ્રભાઈ જાની (ઉ.વ.૬૫) પ્લોટ નં. ૨૬૬/૧, સે-૩ ન્યૂ, ગાંધીનગર
- સ્વ. નીકુંજ હર્ષદકુમાર જોષી (ઉ.વ.૨૦) એમ-૧/૩, શિવમ્ એપાર્ટમેન્ટ, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. કાંતિલાલ પોપટલાલ પરમાર (ઉ.વ.૭૮) બ્લોક ૬૫૯/૨, સે-૮સી, ગાંધીનગર